# વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંક:૪૮૫/૨૦૨૪-૨૫)

| Sr.no | Name of Post | Total | Category |
|---|---|---|---|
| 1 | સૈનિક(ફાયરમેન) | **26 + 25** **(સંભવિત ખાલી થનાર)** | **UR – 18, EWS – 05, SEBC - 14, SC – 04, ST – 10.** **નોંધઃ–** કુલ જગ્યાઓ પૈકી ૦૨ જગ્યા શા. ખો. ખા.(PH) |

1. **શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ**
   1. ધોરણ ૧૦ પાસ.
   2. સરકાર માન્ય સંસ્થાનો ફાયરમૅન કોર્સ પાસ કરેલ હોવો જોઇએ.
   3. બચાવ કાર્ય આવડે તે મુજબનું તરતા આવડવું જોઇએ.
   4. ગુજરાતી લખતાં, વાંચતા, બોલતાં આવડવું જોઇએ.
2. **શારિરીક લાયકાતઃ**
   1. ઉંચાઇઃ ૧૬૫ સે. મી. (૫'-૫'')
   2. વજનઃ ૫૦ કિલો ગ્રામ
   3. છાતીઃ સામાન્ય – ૮૧ સે. મી

      કુલાવેલી – ૮૬ સે. મી.
3. વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગમાં અથવા વડોદરા મહાનગરપાલિકા ખાતેના ઇમરજન્સી રિસપોન્સ સેન્ટર (ERC) ખાતે કરારીય ફરજો બજાવતા કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. (આ અંગે ચીફ ઓફિસર (ફાયર)નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.)
4. એલીમીનેશ ટેસ્ટ/ સ્પર્ધાત્મક પરીક્ષા કરવાના સમયે વડોદરા મહાનગરપાલિકા અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગમાં અથવા વડોદરા મહાનગરપાલિકા ખાતેના ઇમરજન્સી રિસપોન્સ સેન્ટર (ERC) ખાતે કરારીય ફરજો બજાવતા હોય અને જેટલા કેલેન્ડર વર્ષની સંતોષકારક ફરજો બજાવેલ હોય તેટલા પૂર્ણ વર્ષ માટે ૦૧ વર્ષના અનુભવના ૧૦ ગ્રેસ માર્કસ આપવાના રહેશે. (આ અંગે ચીફ ઓફિસર (ફાયર)નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.) એક કેલેન્ડર વર્ષમાં છ માસ કે તેથી વધુ સમય ફરજ બજાવેલ હોય તો પૂર્ણ વર્ષ ગણી ૧૦ માર્કસ આપવામાં આવશે. વધુમાં વધુ ૫૦ માર્કસ આપવામાં આવશે.

5. **પગાર ધોરણઃ**

1. ત્રણ વર્ષ માટે રૂ.૨૬,૦૦૦/– માસિક ફિક્સ વેતન.
2. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૪)ઝ.૧ તા.૧૮–૧૦–૨૦૨૩ અન્વયે માસિક ફિક્સ વેતનથી ભરવાપાત્ર હોઇ, અત્રેના સા.વ.વિ.પરિપત્ર અંક–૪૪/૧૯–૨૦ તાઃ૦૬–૦૨–૨૦ મુજબ ત્રણ વર્ષ સુધી માસિક ફિક્સ વેતનથી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણ સાતમા પગારપંચ મુજબ લેવલ–૨ (પે મેટ્રીકસ રૂ.૧૯,૯૦૦–રૂ.૬૩,૨૦૦) થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.

6. **ઉંમરઃ** ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ

## (જાહેરાત ક્રમાંકઃ૪૮૫/૨૦૨૪-૨૫)

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. ઓનલાઈન અરજી કરવા તથા પેમેન્ટ કરવા માત્ર ડેસ્કટોપ અથવા લેપટોપ નો જ ઉપયોગ કરવો ઉમેદવારો માટે હિતાવહ છે.
3. જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.
4. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૧૨-૦૯-૨૪ (૧૩-૦૦ કલાક) થી તા. ૦૧-૧૦-૨૪ (૨૩-૫૯ કલાક) સુધીમાં **www.vmc.gov.in** વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
5. **ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.**
6. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ.
7. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.
8. માર્કશીટ સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં કન્વર્ઝન કોષ્ટક ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજુ કરવાનું રહેશે.
9. ઉમેદવારે ઓનલાઈન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઈલ નંબર લખવો અનિવાર્ય છે. જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઈલ નંબર લખેલ ન હોય/બંધ હોય કે અન્ય કારણોસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની કોઈ જવાબદારી રહેશે નહિ.
10. **અનામતઃ** અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
11. **શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેઃ**
    1. શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે અનામત જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માટે નીચે મુજબની દિવ્યાંગતા માન્ય રહેશે.

| બધિર અને ઓછું સાંભળનાર | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – D અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી<br>એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા - E |
|---|---|---|
| **B** | **C** | **D & E** |
| **HH (40%-70%)** | **AAV** | **ASD(M), SLD, MI, MD (B&C)** |

- HH (Hard of Hearing),

- AAV (Acid Attack Victim),
- ASD (Autism Spectrum Disorder) M- Mild
- SLD (Specific Learning Disability),
- MI (Mental Illness),
- MD (Multiple Disabilities) (B&C)

2. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેની દિવ્યાંગતાના પ્રકાર **A, B, C** અને **D&E** અનુસાર સુનિશ્ચિત કરાયેલ દિવ્યાંગતાની અનામત જગ્યાઓની સંખ્યા નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| કુલ જગ્યા | કુલ જગ્યા પૈકી શા.ખો.ખા. માટેની જગ્યા માટેની સંખ્યા | A | B | C | D&E |
|---|---|---|---|---|---|
| **26 + 25 (સંભવિત ખાલી થનાર)** | **૦૨** | **–** | **૦૧** | **૦૧** | **–** |

3. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારે તેના દાવાના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧–૧૨–૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ–૨ થી તેમજ વખતોવખત નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. તેમજ સદર પ્રમાણપત્ર ને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). આ અસલ પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર નિમણૂક અધિકારી/મંડળ સમક્ષ રજુ કરવામાં નહીં આવે, તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.
4. અનામત વર્ગના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.
5. શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યા માટે લાયક શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારો થી ભરવામાં આવશે.
6. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ–૨ તા.૧૭–૦૯–૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે નકકી કરવામાં આવેલ અનામત જગ્યા માટે નિયત કટ ઓફ માર્કસને ધ્યાને લેતાં સંબંધિત દિવ્યાંગતાની સબ કેટેગરી માટેના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં નકકી કરવામાં આવેલી દિવ્યાંગતાઓ પૈકી અન્ય દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિથી આવી જગ્યા ભરવાની રહેશે. એટલે કે દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામતની સબ કેટેગરીમાં પરસ્પર અદલાબદલી ઉપર દર્શાવેલા સંજોગોમાં કરવામાં આવશે.

7. બેન્ચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યા ઉપર નિયત કરેલ સામાન્ય ધોરણોના આધારે દિવ્યાંગ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો દિવ્યાંગો માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યા ભરવા માટે પસદંગીના ધોરણો હળવા કરીને દિવ્યાંગ ઉમેદવારની પસંદગી વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

12. **વયમર્યાદામાં છુટછાટઃ**

1. વડોદરા મહાનગરપાલિકા ના કર્મચારીને ઉપલી વયમર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહીં. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
2. જે જગ્યા માત્ર બિન અનામત – સામાન્ય વર્ગ માટેની છે તેવી જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો જો તેઓ જનરલ કેટેગરીની વયમર્યાદામાં આવતાં હોય તો તે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે/અરજીપત્રક ભરી શકશે. પરંતુ તેઓને વય મર્યાદામાં કોઇ છુટછાટ મળશે નહી.
3. સામાજીક અને શૈક્ષણિક રીત પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિં થતો હોય તો જ મળવાપાત્ર થશે.
4. જે જગ્યાઓ **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારો માટે અનામત છે. તેવા **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪/૨૦૨૪–૨૫ ની આવકના આધારે રાજ્ય સરકારની નોકરી માટે (પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમુનામાં) કઢાવેલ નોન–ક્રિમિલેયર સર્ટીફિકેટ તા.૦૧–૦૪–૨૦૨૨ થી તા.૩૦–૦૩–૨૦૨૫ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સમાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા તેમજ અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
5. તમામ જગ્યાઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) ની કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે. તેવા આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) માટે પાત્રતા પ્રમાણપત્ર તા.૦૧–૦૪–૨૦૨૨ થી તા.૩૦–૦૩–૨૦૨૫ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સમાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા તેમજ અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
6. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવું જોઇએ.
7. સરકારની પ્રવર્તમાન જોગવાઇ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો ( અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.
8. ઉંમરમાં બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

13. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

14. સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ દ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાનું રહેશે.

15. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

16. **ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.**

17. **<u>અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ</u>**

એ. બિન અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૪૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે. અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ અને આ.ન.વર્ગ કક્ષાના ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૨૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે. અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિન અનામત ના ધોરણો લાગુ પડશે. ફી નું ધોરણ પણ બિન અનામત કક્ષા પ્રમાણે રૂ. ૪૦૦/– ભરવાના રહેશે.

બી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કર્યા બાદ, તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ની રકમ ફકત ઓનલાઇન જ ક્રેડીટ/ડેબિટ/નેટ બેંકિંગ દ્વારા ભરવાની રહેશે. ફી ભર્યા અંગેના ચલણની નકલ મેળવી ઉમેદવારે સાચવી રાખવાની રહેશે, અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

સી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ તથા એપ્લીકેશન ફોર્મ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ડી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

ઈ. **ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તારીખ: ૦૧–૧૦–૨૦૨૪ રહેશે.**

એફ. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

જી. તમે લાયકાત ધરાવો છો કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જ અરજી ફોર્મ તથા ફી ભરવી. લાયકાત ન ધરાવતા હોવા છતાં ફી ભરેલ હોઇ તેવી અરજી રદ ગણાશે. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

18. ઉમેદવાર/અરજદારને તેમના પોતાના હિતમાં જાહેરાત સંબંધિત અન્ય કોઇ સુચના માટે તેમના દ્વારા નોંધાયેલા ઇ–મેઇલ એકાઉન્ટને તપાસવાની તથા www.vmc.gov.in વેબસાઇટ સતત જોતાં રહેવા સલાહ આપવામાં આવે છે.

19. ઓનલાઇન અરજી કરતી વખતે કોઈ નેટવર્ક સમસ્યા અથવા અન્ય તકનીકી સંબંધિત સમસ્યાઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદાર રહેશે નહીં.

20. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય તેમજ અરજીમાં પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય તે મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.
21. સદર જગ્યા માટે સૌ પ્રથમ નીચે મુજબ શારીરિક કસોટી લેવામાં આવશે. દરેક ટેસ્ટ સફળતા પૂર્વક પાસ કરવાના રહેશે. જે તે ટેસ્ટમાં અસફળ રહેલ ઉમેદવાર આગળના ટેસ્ટ તેમજ આગળની પ્રક્રિયા માટે ડિસ્ક્વોલીફાય ગણવામાં આવશે.

| **અનુ.નં.** | **ટેસ્ટનો પ્રકાર** | **માપદંડ** |
|---|---|---|
| 1. | રોપ કલાઇમ્બીંગ (વર્ટીકલ) | ૦૬ (છ) મીટર (Without Leg Support) |
| 2. | સ્વીમીંગ ટેસ્ટ ૧૦૦ મીટર | ૦૩ (ત્રણ) મીનીટ માં પૂર્ણ કરવાની રહેશે. |
| 3. | ડીપ ડાઇવીંગ (ત્રણ પ્રયત્ન) | પાણીમાં નાખેલ વસ્તુ બહાર કાઢવાની રહેશે. |
| 4. | રનીંગ વિથ હોઝ પાઇપ ૧૦૦ મીટર | ૨૦ (વીસ) સેકન્ડમાં પૂર્ણ કરવાની રહેશે. |
| 5. | લોંગ જમ્પ (ત્રણ પ્રયત્ન) | ઓછામાં ઓછુ ૦૩ (ત્રણ) મીટર |
| 6. | રનીંગ ૮૦૦ મીટર | ૦૫ (પાંચ) મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. |

22. શારીરિક કસોટીના તમામ ટેસ્ટમાં સફળતા પૂર્વક કવોલીફાય થનાર તમામ ઉમેદવાર માટે સ્પર્ધાત્મક પરીક્ષા અથવા મૌખિક કસોટી બાબતે ઉમેદવારની સંખ્યાને ધ્યાને લઇ નિર્ણય કરવામાં આવશે.
23. સ્પર્ધાત્મક લેખિત કસોટી માટે નીચે મુજબ સિલેબસ તથા પરીક્ષા પદ્ધતિ રહેશે.

| **ક્રમ** | **વિષય** | **ગુણ** |
|---|---|---|
| 1. | સૈનિક (ફાયર)ના કોર્ષને અનુરૂપ પ્રશ્નો | ૫૦ |
| 2. | ગુજરાતનું સામાન્ય જ્ઞાન, ગણિત અને ગુજરાતી ભાષાનું જ્ઞાન | ૩૦ |
| 3. | કોમ્પ્યુટર અંગેનુ સામાન્ય જ્ઞાન | ૧૦ |
| 4. | વડોદરા મહાનગરપાલિકા તથા શહેર વિષયક પ્રશ્નો | ૧૦ |
| | **કુલ** | **૧૦૦** |

ઉપરોક્ત મુજબ સિલેબસ તેમજ લેખિત પરીક્ષા (MCQ Type/ Objective Type) કુલ–૧૦૦ માર્કસ, કુલ–૧૦૦ પ્રશ્નો તથા દરેક પ્રશ્ન માટે ૦૧ ગુણ રહેશે. દરેક પ્રશ્નના ખોટા જવાબ માટે ૦.૨૫ નેગેટીવ માર્કીંગ રહેશે. તથા પરીક્ષાનો સમય ૯૦ મિનિટ રહેશે. તથા પરીક્ષામાં પાસ થવા માટે લઘુત્તમ લાયકી ગુણ ૩૫ માર્કસ રહેશે.

24. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
25. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે વડોદરા મહાનગરપાલિકા જણાવે ત્યારે જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્કેન (Scan) કરીને વડોદરા મહાનગર પાલિકાની વેબસાઇટ https://vmc.gov.in/OnlineRecruitment/Recruitment.aspx પર ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.
26. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

27. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ /ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યાવાહીને પાત્ર થશે. જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે , તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ વડોદરા મહાનગરપાલિકામાં રજુ કરવા.
28. ભરતી પ્રક્રિયા દરમ્યાન સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
29. જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક સરખા ગુણ મેળવેલ હોય તો, તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતા ઉમેદવારને મેરીટ ક્રમમાં અગ્રતાક્રમ આપવામાં આવશે અને જો કોઇ ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બંને સરખા હોય તો શૈક્ષણિક લાયકાતની મેરીટ મુજબ મેરીટમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.
30. આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઇ જગ્યા ને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઇન્ટરવ્યુ અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.
31. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, વડોદરા ને રહેશે. અને આ માટે કોઇ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.
32. વડોદરા મહાનગરપાલિકાના કે અન્ય સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદરવારો જો ઉકત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મુળ જગ્યાએથી રાજીનામું મંજુર કરાવ્યા બાદ જ નિમણુંકની જગ્યાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજને સમયગાળો નિયમબધ્ધ કરી શકાશે નહીં/ગણતરીમાં લેવામાં આવશે નહીં.
33. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**ડે. મ્યુનિસિપલ કમિશ્નર (વ)**
**વડોદરા મહાનગરપાલિકા.**

**તા.**૧૧–૦૯–૨૦૨૪